અપીલ અરજી નં.૨૦૦ તા.૧૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી સીમા એચ. દેસાઈ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સીમા એચ. દેસાઈની તા.૧૮–૮–૧૦ ની અરજીથી (૧) તા.૨૪–૬–૧૦ ના રોજ સંબંધિત તમામ વિભાગમાં અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત તમામ વિભાગના અધિકારીઓએ તેમના કર્મચારી પાસે શું તપાસ કરાવવામાં આવી અને કર્મચારીઓએ સ્થળ પર શું શું તપાસ કરી તેમજ આજુ બાજુ સામે રહેતા લોકોને શું શું પુછતાજ કરી શું રીપોર્ટ બનાવ્યો તે તમામની સહીવાળી નકલ ફાળવવી વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૨૦૦/૨૦૧૦–૧૧

શ્રી સીમા એચ. દેસાઈની તા.૧૮–૮–૧૦ ની અરજીથી (૧) તા.૨૪–૬–૧૦ ના રોજ સંબંધિત તમામ વિભાગમાં અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત તમામ વિભાગના અધિકારીઓએ તેમના કર્મચારી પાસે શું તપાસ કરાવવામાં આવી અને કર્મચારીઓએ સ્થળ પર શું શું તપાસ કરી તેમજ આજુ બાજુ સામે રહેતા લોકોને શું શું પુછતાજ કરી શું રીપોર્ટ બનાવ્યો તે તમામની સહીવાળી નકલ ફાળવવી વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૩ તા.૨૯–૯–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૮૨ તા.૧૩–૧૦–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની તા.૨૪–૬–૧૦ ની ચીફ ફાયર ઓફિસર અને સેન્ટ્રલઝોન, આરોગ્ય નિરીક્ષક , આરોગ્ય અધિકારી ને અરજી કર્યા અંગેના પત્રની નકલ, પ્રાદેશિક અધિકારી ગુજરાત નિયંત્રણ બોર્ડ રીજીયોનલ ઓફિસ ૩૩૮, બેલ્જીયમ સ્કેવર , પહેલા માળે, સિલ્વર પ્લાઝા કોમ્પ.રોડ , સુરત અવાજની માત્રા સ્પષ્ટ કરવા પાઠવેલ પત્ર નં.જાવક/૬૫ તા.૧૪–૭–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી ફાયર ઓફિસરને તબદીલ કર્યા અંગે પત્ર નં .સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૭૦૭ તા.૨૨–૮–૧૦ ના પત્રની નકલ, ડે.ચીફ ફાયર ઓફિસર તરફથી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.એફબી/એસપી/૧૦૪૯ તા.૬–૯–૧૦ ના પત્રની નકલ, ફી ભર્યાની રસીદની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૫૧ તા.૧૮–૯–૧૦ ના પત્રની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૯૯ તા.૨૮–૯–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૮–૮–૧૦ ની અરજીથી તા.૨૪–૬–૧૦ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૭૦૭ તા.૨૨–૮–૧૦ થી ફાયર ઓફિસરશ્રીને તબદીલ કરવામાં આવેલ. ડે. ફાયર ઓફિસર તરફથી પત્ર નં.એફબી/એસપી/૧૦૪૯ તા.૬–૯–૧૦ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૫૧ તા.૧૮–૯–૧૦ થી તથા પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૯૯ તા.૨૮–૯–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) તા.૨૪–૬–૧૦ ના રોજ સંબંધિત તમામ વિભાગમાં અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત તમામ વિભાગના અધિકારીઓએ તેમના કર્મચારી પાસે શું તપાસ કરાવવામાં આવી અને કર્મચારીઓએ સ્થળ પર શું શું તપાસ કરી તેમજ આજુ બાજુ સામે રહેતા લોકોને શું શું પુછતાજ કરી શું રીપોર્ટ બનાવ્યો તે તમામની સહીવાળી નકલ ફાળવવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૪–૬–૧૦ ની અરજી બાબતે સ્થળ તપાસ કરવામાં આવેલ છે જે સ્થળ તપાસનો રીપોર્ટની નકલ રૂા.૨/– જમા કરાવ્યા બાદ આપવામાં આવશે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.ન.૮૯૯ તા.૨૮–૯–૧૦ થી માંગ્યા મુજબની તપાસની નકલ મોકલવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) તા.૨૪–૬–૧૦ ના રોજ તમામ સબંધિત વિભાગમાં જે અરજી કરેલ તે મુજબ બીપીએમસી એકટની કલમોનો ભંગ થતો હોય કારખાનું બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની આવે છે તો કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલ માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) તા.૨૪–૬–૧૦ ના રોજ સબંધિત વિભાગોમાં જે અરજી કરવામાં આવેલ તેના અનુસંધાનમાં રહેઠાણવાળા વિસ્તારમાં ટવીસ્ટીંગ મશીન ચાલુ કરવાની પરવાનગી સબંધિત વિભાગના કયા વિભાગ તરફથી મંજુરી આપવામાં આવેલ તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલ માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે માહિતી અધિકારી તરફથી જે માહિતી મળેલ છે તે અધૂરી તેમજ ખોટી માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવી તા.૧૮–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.૨ માં સબંધિત વિભાગોના કર્મચારીઓ પાસે સ્થળ ઉપર શું શું તપાસ કરી અને આજુબાજુના રહેવાસીઓને શું પુછતાજ કરી તે બાબતે કોઈ જાણકારી કે રીપોર્ટ મળેલ નથી જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ છે કે અરજદારે રસીદ નં.૩૮૮૭૫૨ તા.૨૩–૯–૧૦ ના રોજ રૂા.૨/– ભરપાઈ કરેલ છે જેના સંદર્ભે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૯૯ તા.૨૮ –૯–૧૦ થી અરજદારને સ્થળ તપાસ રીપોર્ટ નકલ મોકલવામાં આવેલ છે તેવું જણાવેલ છે. અરજદારે અપીલના મુદ્દા નં.૩ માં અરજીની તા.૨૪–૬–૧૦ ના રોજ બીપીએમસી એકટની કલમ મુજબ સબંધિત વિભાગોમાં કરેલ તેમના મુદ્દા નં.૨ માં માંગેલ માહિતી

મુજબ કાર્યવાહી કરવાની તમામ જવાબદારી સુરત મહાનગરપાલિકાના સબંધિત વિભાગના અધિકારીની આવતી હોય તેમ છતાં કાર્યવાહી ન કરી કોઈ પણ જાણકારી આપવામાં આવેલ નથી જે અંગે ઉપરોકત મુદ્દા નં.૨ માં થયેલી કાર્યવાહી અંગેની વિગત જણાવવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.૩(૧) માં સુરત મહાનગરપાલિકાના હદના રહેઠાણવાળા વિસ્તારમાં કોઈ પણ વ્યકિત મિલ્કતનો ઉપયોગ રહેઠાણમાં ન કરી અવાજ માટે તેવા મશીનો નાંખી કારખાનુ ચાલુ કરે અને આવા કારખાના ચાલુ કરવાની અડોશપડોશની રહેવાસીઓને ન્યુસન્સ થતું હોય અને ત્રાસ થતો હોય સાંભળવાની તકલીફ થતી હોય આરોગ્યને નુકશાન કરતું હોય તો તે મુજબ સુરત મહાનગરપાલિકા આવા કારખાના ચલાવનાર પર બીપીએમસી એકટની કલમ–૨(૪૦)(૧) તેમજ ૪૩૧ મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની આવતી હોય કાર્યવાહી કરવા જણાવતી તેમની તા.૨૪–૬–૧૦ ની અરજી અંગે કરેલ કાર્યવાહીની વિગતોની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તપાસ કરી તે અંગેના રીપોર્ટની નકલ અરજદારને પાઠવવામાં આવેલ છે. જયારે અવાજના પોલ્યુશન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યવાહી સ્વરૂપે પ્રાદેશિક અધિકારી ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડ રીજીયોનલ ઓફિસ ૨૩૮ બેલ્જીયમ સ્કવેર , પહેલા માળે, સીલ્વર પ્લાઝા કોમ્પ. રોડ, સુરતને જાવક નં.૬૫ તા.૧૪–૭–૧૦ થી અવાજની માત્રા બાબતે અભિપ્રાય માંગવામાં આવેલ છે જે પત્રની જાણ પણ અરજદારને તેમની તા.૨૪–૬–૧૦ ના સંદર્ભે કરવામાં આવેલ છે. અપીલના અપીલના મુદ્દા નં.૩(૨)સુરત મહાનગરપાલિકાના શહેર વિકાસ પાસે રહેઠાણ માટે પ્લાન પાસ કરાવી મિલકતનો ઉપયોગ ન કરી તેમાં કારખાના ચાલુ કરેલ તો તે મિલકત ઉપર સુરત મહાનગપાલિકા બીપીએમસી એકટ –૨૬૮ મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી આવતી હોય તેમ છતાં કોઈ જ કાર્યવાહી નકરી જાણ કરી ન આપી તેમ કરેલી કાર્યવાહીની નકલ પણ ન ફાળવી . તેવા પ્રશ્ન બાબતે કરેલી કાર્યવાહીની નકલ અરજદારને પાઠવ્યાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. મુદ્દા નં.અપીલના ૩(૩) સુમપાના હદ વિસ્તારમાં કારખાનું ચાલુ કરેલ (મોતીપાવર) થી આવા કારખાના ચાલુ કરતાં પહેલા સુરત મહાનગરપાલિકા કમિ. પાસે બીપીએમસી એકટની કલમ–૩૧૩ મુજબ પરવાનગી ફરજીયાત હોય તે બાબતે પણ કાર્યવાહી સુમપા તરફથી કરવામાં ન આવી. બીપીએમસી એકટ કલમ–૩૧૩ અધિનિયમ–૧૯૪૯ ની સાલથી હોય અમલવારીમાં હોય તેમ છતાં કાર્યવાહી કરવામાં ન આવી. જે અંગે ગુજરાત પોલ્યુશન બોર્ડને પત્ર પાઠવી અભિપ્રાય માંગવામાં આવેલ છે તેની જાણ અરજદારની ફરીયાદ અરજી સંદર્ભે કરવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.૪ માં અપીલના મુદ્દા નં.૩ માં જણાવેલ કાર્યવાહીની અરજદારની રજૂઆત રહેલ છે. જે અંગે અરજદારને ફાયર વિભાગ તરફથી સેન્ટ્રલઝોનમાં માહિતી માટે અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ. સેન્ટ્રલઝોન તરફથી ગુજરાત પોલ્યુશન બોર્ડને સદર અરજી સંદર્ભે તા.૨૪–૬–૧૦ થી અવાજની માત્રા બાબતે પાઠવેલ પત્ર સાથે અરજદારની મુળ ફરીયાદ અરજીની નકલ પણ મોકલવામાં આવેલ છે. વધુમાં આરોગ્ય વિભાગ તરફથી કરેલ સ્થળ તપાસના રીપોર્ટની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જયારે અન્ય મુદ્દાઓ અંગે જાહેર માહિતી અધિકારીએ માંગવામાં આવેલી માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજીની કાર્યવાહીની માહિતીથી અવગત કરવામાં આવેલ છે.વધુમાં અપીલના મુદ્દાઓમાં કાર્યવાહી કરવાને લગતી રજૂઆત અરજદાર તરફથી કરવામાં આવેલ છે. કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ જાહેર સત્તા મંડળ કક્ષાએ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી ટવીસ્ટીંગ મશીન પરવાનગીની મંજુરી બાબત તેમજ બીપીએમસી એકટના ભંગ બદલની કાર્યવાહી સંબંધે દફતરી રેકર્ડ ઉપર માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી બાબત હેઠળની પરવાનગી રજીસ્ટર તેમજ અરજી પશ્ચાતની કાર્યવાહી સબંધે સબંધિત દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે.

અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ ેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે. વધુમાં કાર્યવાહીને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતં ત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) સીમા એચ. દેસાઈ,